R.N.I. No. MAHBIL/2020/79181

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 21 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH SEPTEMBER 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૭ મી પુણ્યતિથિએ આદરાંજલિ

શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી, હાલ : સાયન, મુંબઈ • અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,
પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,
સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,
સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ સત્તરમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

પ્રકાશ સમીક્ષા સમિતિ

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation

6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના આધારસ્તંભ દાતાશ્રી

શ્રી હરીશભાઈ નરશી ધરમશી
સુથરી (મુલુંડ)

100 YEAR ANNIVERSARY
PRAKASH SAMIKSHA

તારીખ: ૦૧/૧૨/૨૦૨૪ ❖ સમય : સાંજે ૬ કલાકે.
સ્થળ: સન્મુખાનંદ ઓડિટોરિયમ, કિંગ સર્કલ, મુંબઈ.

પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણી માટે આપનો સહયોગ આવકાર્ય છે

આ હેતુસર અમે નીચે મુજબની સ્કીમ બનાવી છે.

Diamond Donor	Rs. 15,00,000/-
Golden Donor	Rs. 11,00,000/-
Silver Donor	Rs. 5,00,000/-
Bronze Donor	Rs. 3,00,000/-

: વધુ વિગત માટે સંપર્ક :

Email : kdoprakash@gmail.com
(૧) CA હીરાચંદ દામજી દંડ
77385 08150
(૨) શ્રી હેમાંગ લાલજી શાહ
99206 46846

-: પ્રકાશ સમીક્ષા સમિતી ટ્રસ્ટ બોર્ડ :-

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

એડ. શૈલેશ સનત્ શાહ, કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા, કેશરસિંહ આણંદજી ખોના, શિલ્પાબેન અજાણી
તિલકચંદ કુંવરજી લોડાયા, કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા, કિરીટ ખેતસી શાહ, જયંત વિશનજી છેડા
મંત્રી : એડ. ઉદયન લાલજી લોડાયા કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના ગોલ્ડન દાતાશ્રીઓ

માતુશ્રી ઝવેરબાઈ શીવજી
વિકમશી અને
શ્રી શીવજી કુંવરજી વિકમશી
રાણપર (પરેલ)

માતુશ્રી પ્રમિલાબેન દામજી દંડ
મંજલ રેલડીયા (ઘાટકોપર)
હ. વિહાન પ્રતિક દંડ

પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના ગોલ્ડન દાતાશ્રીઓ

શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા
રવા (ચેમ્બુર)

શ્રીમતી મીનાબેન શાંતિલાલ શાહ(નાગડા)
નલિયા (માટુંગા)

તંત્રી સ્થાનેથી

પ્ર.સ.ના આ અંકમાં અતિથી સંપાદક શ્રી દિપક ગંગાજર ડાઘા-વરાડિયા (મુલુંડ)નો તંત્રી લેખ પ્રકાશિત છે.

– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાએઃ આપણાં કેડીઓ..

આપણાં માટે ગર્વની વાત છે કે આપણાં ઘણાં કેડીઓ પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાએ પહોંચી ખુબ નામના મેળવી છે.

ધાર્મિક ક્ષેત્ર : શ્રી ભલારા દાદા

આપણી કદઓ જૈન જ્ઞાતિના ઘણાં જ્ઞાતિજનોના આરાધ્ય દેવ શ્રી ભલારા દાદા મુળ કચ્છ સુથરીના બંધુ બેલડી-વીરોજી ને પાતોજી (લોડાયા) આપણા જ્ઞાતિજનો હતા. લાલપુર તથા સુથરીમાં મુખ્ય દેવસ્થાન ઉપરાંત કચ્છ -હાલારના ઘણાં ગામોમાં દેવસ્થાન છે. રાજકોટ પાસે કુવાડવામાં પણ દેવસ્થાન છે જ્યાં તેઓ ભાલારા દાદા તરીકે ઓળખાય છે. કચ્છી દશા ઓશવાલ ઉપરાંત વિશા ઓશવાળ તથા લોહાણા જ્ઞાતિજનો પણ આસ્થા રાખે છે. એમના વંશજો આજે પણ હયાત છે .

જૈન ધર્મની વાત કરીએ તો જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા (નલિયા) તથા શેઠ શ્રી કેશવજી નાયક (કોઠારા)નું નામ યાદ આવે. પોતાના વતનના ગામ ઉપરાંત પાલીતાણા - શત્રુંજયમાં પણ જિનાલયો બંધાવેલ છે. સમાજ સેવા પણ ખુબ કરી.

બે કેડીઓ જૈન ગચ્છમાં/ગચ્છની શાખામાં ઉચ્ચતમ પદવી-ગચ્છાધિપતિ આચાર્ય સુરીશ્વરજીની પદવી પ્રાપ્ત કરેલ છે. યોગાનુયોગ બન્નેના સંસારી નામ નવિનભાઇ છે.

૧. સંસારી શ્રી નવિનભાઇ કુંવરજી વસાયા ખોના, સુથરી-મુલુંડ. લગ્ન બાદ ટુંક સમય ખરતરગચ્છમા દિક્ષા લીધી. એમનું નામ પ. પુ. મુનિ મહોદયસાગરજી મ. સા. ધર્મ આરાધના, વ્યાખ્યાન વાણી, ગુરુ ભક્તિ કરતાં કરતાં ખરતરગચ્છના ગચ્છાધિપતિના સર્વોચ્ચ પદે જિન મહોદયસુરીશ્વરજીના નામે અલંકૃત થયા.

(એમના સંસારી પત્નીએ પણ દિક્ષા લઇ લીધેલ. એમનું નામ પુ. જયલક્ષ્મીશ્રીજી મ. સા. પડેલ, જેઓ આપણાં પ્રખ્યાત સાધ્વી પુ. ડો. જયદર્શિતાશ્રીજી મ. સા. ના ગુરુ હતા)

૨. કુઆપધરના વતની શ્રી નવિનભાઇ ખીમજી મોતાએ તપાગચ્છના ધર્મ ધુરંધર ગચ્છાધિપતિ પુ. રામસુરીશ્વરજી મ. સા. પાસે એમના વડીલ બંધુ સાથે દિક્ષા લિધી. એમના વડીલ બંધુનું નામાકરણ પુ. મોહજિતવિજયજી મ. સા. થયું. જેઓ પાછળથી મોટા પંડિત મ. સા. તરીકે જાણીતા થયા. નાના બંધુ નવિનભાઇનું નામ પુ. યુગભુષણવિજયજી મ.સા. જાહેર થયું પાછળ થી નાના પંડીત મ.સા. તરીકે પણ ઓળખાય છે.

સમય વિતતા કોઈ મનભેદ- મતભેદ ને કારણે આ બંને બંધુઓએ તપાગચ્છમાં પોતાનો અલગ સમુદાય બનાવ્યો છે. પોતાના ૩૯ સાધુ- સાધ્વીનો સમુદાય-મોહજિતવિજય સમુદાય તરીકે ઓળખાય છે. આ સમુદાયના પુ. યુગભુષણવિજયજી મહારાજ સાહેબ આજે ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત છે. આપણાં ઘણાં કેડીઓ જ્ઞાતિજનો એમના ભક્તો છે. ઘણાં કેડીઓ ઘરોમાં એમણે ઘર દેરાસરમાં જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી છે.

અચલગચ્છ સંઘ : વરાડીયાના શેઠ શ્રી નારાણજી શામજી મોમાયા વિશાળ ધાર્મિક જ્ઞાન ધરાવતા હતા. અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં વર્ષો પહેલાં ભદ્રેશ્વરમાં થયેલ અખિલ

સર્વે જ્ઞાતિજનોને મિચ્છામી દુક્કડમ્

પ્રકાશ સમીક્ષા સમિતી

આદ્યતંત્રીઓ

"પ્રકાશ"
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

: તંત્રી :
CA હીરાચંદ દામજી દંડ

ટ્રસ્ટ રજી. નં : F - 69260

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

અન્ય ટ્રસ્ટીઓ

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા

સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

વૉલ્યુમ : ૦૪, અંક : ૨૧, તા. ૦૫-૦૯-૨૦૨૪

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

PRAKASH SAMIKSHA
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

: જાહેરાત સંપર્ક :
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

કલર પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	કલર	GST 5%	ટોટલ
મુખપૃષ્ઠ	167 x 190 mm	11,000/-	550/-	11,550/-
આખું પાનું	167 x 233 mm	10,000/-	500/-	10,500/-
અડધું પાનું	167 x 114 mm	6,000/-	300/-	6,300/-
પા પાનું	82 x 114 mm	4,000/-	200/-	4200/-

બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	B/W	GST 5%	ટોટલ
આખું પાનું	160 x 225 mm	6,000/-	300/-	6,300/-
અડધું પાનું	160 x 111 mm	3,500/-	175/-	3,675/-
પા પાનું	77 x 111 mm	2,000/-	100/-	2,100/-
૧/૮ પાનું	77 x 54 mm	1100/-	55/-	1155/-
૧/૧૬ પાનું	77 x 27 mm	600/-	30/-	630/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

ભારત અચલગચ્છના અધિવેશનના પ્રમુખ હતા. તથા ફળશ્રુતિ રૂપે સ્થપાયેલ અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) જૈન સંઘના પ્રથમ પ્રમુખ હતા.

રાજકીય ક્ષેત્ર : એક માત્ર શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી (ખોના- તેરા)નું જ નામ યાદ આવે. ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના સક્રિય નેતા. ભારતની આઝાદી ચળવળમાં ભાગ લીધો. બે ટર્મ માટે કચ્છમાંથી ભારતીય લોકસભાના સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. માટુંગા, મુંબઈ માં એક રોડને એમનું નામ અપાયેલ છે.

સાહિત્ય ક્ષેત્ર : ૧. ભકત કવિ શ્રી શીવજી દેવશી મઢડાવાળા : એમણે ઘણાં ધાર્મિક પુસ્તકો લખ્યાં છે. ઘણાં ભક્તિ ગીતો- સ્તવનોની રચના કરી છે. વર્ષો પહેલાં ફાયર બ્રિગેડ ઉપયોગી સાધનો બનાવતી ફાયરેક્સ કંપની સ્થાપકોના એ વડવા. મુંબઈમાં ગોવંડી વિસ્તારમાં એક રોડને એમનું નામ અપાયેલ છે.

૨. કવિ તેજ (શ્રી તેજપાલ ધારશી નાગડા, નલિયા) એક ઉચ્ચ કોટિના કચ્છી કવિ. ધર્મપત્નીના અવસાન બાદ મનોવ્યથા વિલાપજી વાણી અને ધર્ધ જીવાણીમાં આલેખેલ. તેજ જો અવાજ નામે ઘણાં ભાગ પ્રગટ થયાં. એમના સર્જનમાં પ્રસંગ કાવ્ય, સંવાદ કાવ્ય, ગીત, ગઝલ, ભજન, દુહા, સંગર, ફટાણાં, પિરોલી, હાઇકુ, ટુચકા, મુક્તક, સુભાષિત, વૈરાગ્ય, નિયતી, માયા, રહસ્યાત્મક નિર્વેદ, ધાર્મિક પાખંડ, અનુભુતિ મૃત્યુ, હિંસા વિરોધ, સંસ્કૃતિ, પ્રેમ, મુલ્ય, મહિમા, સદભાવ, અંધશ્રદ્ધા , કોમી એકતા વગેરે અનેક વિષયો સામાન્ય માનવી માટે સાહિત્યિક માર્ગે પહોંચતા કર્યા. ગુજરાતી સાહિત્ય અકાદમી તથા ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન તરફથી એવોર્ડ મળેલ છે.

સાહિત્ય સંશોધન/ પ્રિન્ટીંગ : ૧. શ્રી પાર્શ્વીર વીરજી ધુલ્લા, ભરૂડીયા (ઉપનામ-પાર્શ્વ) : અચલગચ્છ દિગ્દર્શન - ગ્રંથ ના લેખક.

૨. શ્રી કુલિનકાંત ભોજરાજ લોડાયા-રવા : ક દ ઓ જૈન જ્ઞાતિ ઈતિહાસના પ્રેરક બળો - પુસ્તક લખેલ.

૩. શ્રી રમેશ મુલજી લોડાયા-ભરૂડીયા : ભુતકાળમાં પ્રકાશ સમીક્ષામાં એમના આપણી જ્ઞાતિ, ગામો, નુખો વગેરેના છણાવટ ભર્યા ઘણાં લેખો છપાયેલ છે.

૪. શા. ભીમશી માણેક દંડ-મંજલ રેલડીયાઃ જ્યારે પ્રિન્ટીંગ પ્રેસની શરૂઆત થઈ ત્યારે ઇંગ્લેન્ડથી મશીનરી આયાત કરી જૈન ધર્મના ઘણાં જૂના હસ્તલિખિત પુસ્તકોને પ્રિન્ટીંગ કરી રજુ કર્યા. લગભગ ૩૫૦ પુસ્તકો છાપેલ.

રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મ : શ્રી ચાંપશીભાઈ ભારમલ નાગડા-રાપર (મુંબઈ) પાંચ પાંચ દાયકા સુધી ગુજરાતી રંગભૂમિ, નાટક, નૃત્ય નાટિકા, રાસ ક્ષેત્રે છવાયેલા રહ્યા. ૭૫ નાટકો ભજવ્યા. ૫૦ ગુજરાતી ફિલ્મોમાં અભીનય આપ્યો.

વિવિધ સરકારી એકમો/ સંસ્થામાં વિશિષ્ટ સેવાઃ ૧. શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકા-લાલા (લખનૌ) ઉતર પ્રદેશના કમિશનર ઓફ પોલીસનો હોદો સંભાળેલ.

૨. શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા-સાંયરા (ચેન્નાઈ) : ચીફ ઈન્કમ ટેક્ષ કમિશનરના હોદા સુધી પહોંચ્યા હતા. (છેલ્લાં ૩૩ વર્ષથી સુપેરે ચાલતી ક દ ઓ વેલફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજના એમનું brain child છે. અત્યારે ૫ થી ૫૦ વર્ષના કોઈપણ કેડીઓ એક જ વખત રૂા. ૨,૦૦૦/- ભરી ૫૫ વર્ષની વય સુધી રૂા. એક લાખનું LIC જેવું વિમા કવચ અને તે ઉપરાંત રૂા. એક લાખનું અકસ્માત વિમાનુ કવચ મેળવી શકે છે.) ગદગમાં એક રોડને એમનું નામ અપાયું છે.

૩. શ્રી CA કમલેશ શીવજી વિક્રમશી (રાણપુર- મુંબઈ) : આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા શ્રી કમલેશભાઈ વર્લ્ડ બેંક સાથે સંકળાયેલા છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયાના પ્રમુખ રહી ચુક્યા છે. ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.



-દિપક ગંગાજર ડાઘા
વરાડિયા (મુલુંડ)
Mob. : 89760 17830

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE
AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

કચ્છ દર્શન

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૨૮)

(ગતાંકથી ચાલુ)

॥ પર્વાધિરાજ પર્યુષણ પર્વ ॥



આ અંક આપના કરકમલોમાં આવશે ત્યારે જૈન સંઘ-સમાજોમાં પર્યુષણ પર્વની આરાધના કરી, કર્મ ખપાવી, કોઈને દુભવ્યા હોય તો ક્ષમા માગી જીવનપથ પર આગળ વધવાનાં પ્રયાસો થશે. જ્યાં જ્યાં સાધુ-સાધ્વીજીનાં ચાતુર્માસ હશે ત્યાં ત્યાં આ પર્વ હવે વિશિષ્ટ રીતે ઉજવાય છે.

આ પર્વ દરમ્યાન જુદી જુદી ધાર્મિક ક્રિયાઓમાં પ્રતિક્રમણ કરવા ઉપર વિશિષ્ટ ભાર મુકાય છે. પરમાત્માનાં શાસનમાં જ્ઞાન અને ક્રિયા આ બન્નેનો પરસ્પર સહયોગ એજ મુક્તિનો ઉપાય છે. જ્ઞાન એ ક્રિયા વડે જ શોભા પામે છે અને ક્રિયા એ જ્ઞાનપૂર્વકની હોય તોજ કલ્યાણનો હેતુ બને છે. છ આવશ્યક ક્રિયામાં ''**પ્રતિક્રમણ**'' એ ચતુર્વિધ સંઘનું પરમ આવશ્યક કહેવાય છે.

પ્રતિક્રમણ એટલે શું ? પ્રતિક્રમણની છ આવશ્યક ક્રિયાઓ કઈ કઈ ? સંવત્સરી પ્રતિક્રમણ શા માટે ? આવા ઘણા બધા સવાલો ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા પધારતા શ્રાવક-શ્રાવિકાનાં મનમાં ઉદ્ભવતા હોય છે.

આ વર્ષે કારતક સુદ-૫, દિનાંક ૧૫ નવેમ્બરનાં ચાતુર્માસની પૂર્ણાહુતિ થશે ત્યાં સુધી ઉપરોક્ત પુસ્તક ''**જૈન તત્ત્વ પ્રકાશ**'' લેખક શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાનાં આધારે કેટલીક ક્રિયાઓ તેમજ મુંઝાવતા પ્રશ્નો પર પ્રકાશ પાડવાની ઈચ્છા છે. કદાચ તમારા ઘણા સવાલોનાં જવાબ મળી રહેશે.

વિશેષમાં આપણી જ જ્ઞાતિનાં **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા પંચ પ્રતિક્રમણ સુત્રને અર્થ સહિત સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા છે. આ પુસ્તક જિજ્ઞાસુ ધરમશી સિક્યોરીટીઝ પ્રા. લી., પ્લોટ નં. ૧૦૭૩, ક્વેસટ બિલ્ડીંગ, સદાનંદવાડી, રાજાભાવ દેસાઈ માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫ થી પ્રાપ્ત કરી શકે છે. પુસ્તક પ્રાપ્તિ માટે **શ્રી અજય શાહ, મો. : ૯૮૯૨૩ ૭૨૭૭૭**નો સંપર્ક કરવો.

ગત અંકમાં નવદુર્ગાઓનાં નામ આપેલ આ અંકમાં તેમની થોડીક વિગતવાર માહિતી પુજારીજીએ જણાવેલ તેના અંશ આપું છું.

(૧) માં શૈલપુત્રી : માં પાર્વતીએ પોતાને અગ્નિથી કુર્બાની આપી, હિમાલયની પુત્રીનાં રૂપમાં જન્મ લીધો. અહિંયા શૈલ એટલે પર્વતની ટોચ તેથી શૈલપુત્રી કહેવાય. નવરાત્રીનાં પ્રથમ દિવસે તેમની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

(૨) માં બ્રહ્મચારિણી : દંતકથા પ્રમાણે મા પાર્વતી દક્ષ પ્રજાપતિને ત્યાં પોતાને ઉગ્ર તપ રૂપી સજા કરી જન્મ લીધો. આ જન્મ દરમ્યાન તેઓ ફક્ત ફુલોના આહાર ઉપર રહ્યાં અને શિવને પામવા બ્રહ્મચર્યનું ઉગ્ર તપ કર્યું, તેથી માં બ્રહ્મચારિણી સ્વરૂપે પ્રગટ થયા.

(૩) માં ચંદ્રઘંટા : મા પાર્વતીનો લગ્ન અવતાર શિવજીને પરણીને પોતાનાં કપાળ ઉપર અર્ધચન્દ્રાકાર ધારણ કર્યું તેથી તેઓ નવરાત્રીનાં ત્રીજા દિવસે પુજાય છે.

(૪) માં કુષ્માન્ડા : માં પાર્વતી સુર્યનાં મધ્યમાં સિદ્ધિધાત્રીનું રૂપ સાધીને સૂર્યની ઉર્જ પ્રસરાવા લાગ્યા. આ સ્વરૂપમાં તેઓ આઠ હાથ ધરાવવા લાગ્યા તેથી તેઓ અષ્ટભુજા દેવી પ્રમાણે પણ ઓળખાવા લાગ્યા.

(વધુ આવતા અંકે...)

મારા લેખો દ્વારા જાણતાં અજાણતાં આપને દુભવ્યા હોય તો મન-વચન-કાયાથી...

પ્રકાશ સમીક્ષાનું શતાબ્દી વર્ષ

સહુ કેડીઓ જ્ઞાતિજનોનું જાણીતું અને માનીતું પ્રકાશ સમીક્ષા આ વર્ષે શતાબ્દી વર્ષની ઉજવણી કરી રહ્યું છે એ આપણા સહુ માટે આનંદ અને ગૌરવની વાત છે. અને એના માટે અતિથિ સંપાદકો અને લેખકોને પોતાનું યોગદાન આપવા આમંત્રિત કરવામાં આવ્યા છે.

આના અનુસંધાનમાં ૫ મે ૨૦૨૪ ના અંકમાં એડ. કેતન મધુકાન્ત લોડાયાનો તંત્રી લેખ વાંચ્યો જાણયો અને માણ્યો. આજના યુવાનોને વેકેશનમાં આપણા માદરે વતન કચ્છ અબડાસામાં જવા અને આપણા વડીલો મૂકી ગયેલ વારસાની ઝાંખી કરવા જણાવ્યું છે. આપણા અદભુત દેરાસરો, શિલ્પ સ્થાપત્ય અને કળા કોતરકામ અત્યંત આકર્ષક અને જોવાલાયક છે. દર વેકેશનમાં મુલાકાત લેશું તો આપણી વિરાસતની જાળવણી અને જતન થશે. હાલમાં તો કોઈ ધાર્મિક પ્રસંગે કે પર્યુષણ પર્વમાં ઘણા જ્ઞાતિ બંધુઓ કચ્છમાં પોતાના ગામોમાં જતા હોય છે. પરંતુ એટલું બસ નથી. કોઓપરેટીવ બેસીસ પર વ્યવસાય ઊભો કરવાની જરૂર છે. જેથી મુંબઈની ગીચતામાંથી લોકો મોકળાશમાં રહે અને વસે. કેડીઓ ગ્લોબલ વિલેજના ડ્રીમ પ્રોજેક્ટની ચર્ચા સંભળાય છે. જલ્દી સાકાર થાય એવી અભિલાષા.

૫ ઓગષ્ટ ૨૦૨૪ના અંકમાં કુ. ઉર્વી પ્રમેન્દ્ર ધરમશીએ અતિથિ સંપાદિકાની જવાબદારી શોભાવી છે. આજકાલ ૨૫/૩૦ વર્ષના ઘણા જુવાનીયાઓને ગુજરાતી લખતા વાંચતા ફાવતું નથી ત્યારે ફક્ત ૨૦ વર્ષની વયે ગુજરાતીમાં તંત્રી લેખ લખ્યો છે. એને ખૂબ ખૂબ ધન્યવાદ. આપણી જ્ઞાતિ પાસે શૈક્ષણિક કે તબીબી જરૂરિયાત માટે સહાય કે લોન માટેની વ્યવસ્થા છે. એ સિવાય વિશ્વભરના જ્ઞાતિજનોને એક વટવૃક્ષમાં જોડતું ડિજિટલ વસ્તી પત્રક આપણી જ્ઞાતિ પાસે છે. આ ઓનલાઇન વસ્તી પત્રક લગભગ ૨૦૧૨માં લોન્ચ થયેલું. એની ડેઇલી રીમાઇન્ડર સર્વિસનો ઘણા ભાઈ બહેનો ઉપયોગ કરે છે. શરૂઆતમાં તો બધા જ કેડીઓ એકબીજાના સંપર્કમાં રહી શકે, એકબીજાને મેસેજ મોકલી શકે એવી ફેસીલીટી હતી. પણ કદાચ એના દુરૂપયોગના કારણે એ બંધ કરવામાં આવી હશે. આજે નવી નવી ટેકનોલોજીના વિકાસના કારણે એનો ઉપયોગ કરી આપણા કેડીઓ વીપીમાં બ્લોકીન્ગ (રૂકાવટ)નો ઉપયોગ કરી એ જુની વ્યવસ્થા ફરીથી શરૂ કરી શકાય. જેથી આપણાં કોલેજીયન યુવાનો એક બીજાના સંપર્કમાં રહે અને જ્ઞાતિમાં જ સગાઈ સંબંધો બંધાય.

પ્રકાશ સમીક્ષાના બધા જ પદાધિકારીઓ તથા એની સમગ્ર ટીમને શતાબ્દી વર્ષ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન.

– રમેશ જેઠાભાઈ–કોચીન

Mob.9447768740

કદઓ તપસ્વીઓને નિવેદન

આ વર્ષે અઠ્ઠાઈ કે તેથી વધુ તપ કરનારા સર્વે કદઓ જ્ઞાતિજનોએ તપની વિગત સાથે તેમનું નામ–ગામ–રહેઠાણ તથા ફોટોગ્રાફ પ્રકાશ સમીક્ષાના E-mail : kdoprakash@gmail.com અથવા વોટ્સએપ નં.: 7738508150 ઉપર મોકલી આપવા. આગામી અંકમાં તપસ્વીઓની વિગત પ્રકાશિત થશે. – તંત્રી મંડળ

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

Old is Gold But Gold is never Old

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ–વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા–બોર્ડર–બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી–ચણીયા–ચોળી
- સાચી જરીના ચંદરવા–પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી–સુરમો–કસબ–ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા–સંતોષકારક વળતર One Shot Final

મહાવીર સારીઝ, મોદી ચાલ, શોપ નં.ર, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

મળવા જેવા માણસ...

શ્રી તરૂણ રતનશી લોડાયા (શાહ) - સાંયરા (ઉજ્જૈન)



આજે આપણે આપણી કેડીઓ જ્ઞાતિના વધુ એક સ્ટારને મળીએ. હું તેમને જ્ઞાતિના કેટલાક કાર્યક્રમોમાં મળ્યો છું અને તેમની સાથે વાત કરવાનો હંમેશા આનંદ લીધો છે. તેઓ ખૂબ જ મૃદુભાષી અને ડાઉન ટુ અર્થ વ્યક્તિ છે. ચાલો હું આજે શ્રી તરૂણ રતનશી લોડાયા (શાહ)– સાંયરા (ઉજ્જૈન)નો પરિચય કરાવું.

તરૂણભાઈનો જન્મ ઉજ્જૈનમાં દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાને ત્યાં થયો હતો. તેઓ ૧૫ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું. તરૂણભાઈ, છ ભાઈઓ – બહેનો અને માતા માટે પરિવારમાં રહેવા માટે ખૂબ જ મર્યાદિત સંસાધનો હતા અને તેથી ૩ ભાઈઓએ ઉજ્જૈનમાં કરિયાણાની દુકાન શરૂ કરી. તેઓ શાકભાજી પણ વેચતા હતા. તહેવારની મોસમ દરમિયાન તેમના બે ભાઈઓ આવક ખર્ચના છેડાને મેળવવા માટે મંદિરોની બહાર ઘાસના બંડલ વેચતા હતા. કરિયાણાની દુકાન દરરોજ ૧૨ કલાક ખુલી રહેતી હતી. તરૂણભાઈ નાના હતા ત્યારે ખૂબ જ કઠિન જીવન જીવ્યા છે. પરંતુ તેઓ ખૂબ જ મહેનતુ હતા અને તેમના પરિવારને વધુ સારી જીવનશૈલીમાં લાવવા માટે દ્રઢ સંકલ્પ હતા.

તરૂણભાઈએ ઉજ્જૈનના શ્રી સૂર્યસાગર દિગંબર જૈન વિદ્યાલયમાં હિન્દી માધ્યમમાં સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો અને બાદમાં તેઓએ મુંબઈ સ્થળાંતર કર્યું. સીએનો અભ્યાસ કરવા માટે મુંબઈ આવ્યા અને તેમણે ખીમજી કુંવરજી એન્ડ કંપનીમાં આર્ટિકલશીપ પૂર્ણ કરી અને ૪ વર્ષ સુધી વી.એલ.વિદ્યાર્થીગૃહમાં રહ્યા. સીએ પૂર્ણ કર્યા પછી, તેઓ દેવાસમાં ટાટા એક્સપોર્ટમાં જોડાયા જ્યાં તેમણે પાંચ વર્ષ કામ કર્યું. ત્યારબાદ તેમણે ન્યુ એરા ગ્રુપ (પાવર અને એનર્જી સેક્ટર)માં ૧૦ વર્ષ માટે, સુઝલોન ગ્રુપ (રિન્યુએબલ એનર્જી અને વિન્ડ એનર્જી)માં ૪ વર્ષ અને ૬ મહિના માટે અને અશોકા બિલ્ડકોનમાં ૧૫ મહિના માટે જવાબદારી નિભાવી. ખૂબ સમૃદ્ધ અનુભવ અને જ્ઞાન ધરાવતા તરૂણભાઈને પ્રાઇમ સોર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્ટ્સ આઇટીડી, નાઇજીરીયા દ્વારા ટોચના પદની નોકરીની ઓફર મળી જે તેમણે સ્વીકારી. ત્યાં તેમણે એમડી તરીકે ૧૦ વર્ષ કામ કર્યું. તેમણે નાઈજીરિયામાં પોતાનું નસીબ ચમકાવ્યું અને ૧૧ વર્ષ સુધી કામ કર્યા પછી ૨૦૧૭માં તેમણે ભારત પરત ફરવાનું નક્કી કર્યું. ભારત આવ્યા પછી તેમણે વિવિધ ક્ષેત્રોમાં ઝંપલાવી સફળતાના શીખરો સર કર્યાં છે. ઓલ ઈન્ડિયા કેડીઓ જૈન જ્ઞાતિ દ્વારા તેમને સાંયરા રત્ન બિરૂદથી નવાજવામાં આવ્યા છે. તેમને કચ્છ શક્તિ દ્વારા કચ્છ રત્ન એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. આવો હવે તરૂણભાઈ પાસેથી વધુ વિગતો જાણીએ.

પ્ર.સ.: આપણામાંના મોટાભાગના લોકો નાઇજીરીયાને ગુનાખોરી, માફિયા અને ડ્રગ ડીલરોના દેશ અને રહેવા માટે જોખમી સ્થળ તરીકે જુએ છે. તમે ૧૧ વર્ષ સુધી ત્યાં કેવી રીતે રહેવાનું મેનેજ કર્યું? અને તમે શા માટે ભારત પાછા ફર્યા?

તરૂણભાઈ : નાઈજીરીયા સારા રસ્તાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનો એક સુંદર દેશ છે. મોટાભાગના લોકો સરસ અને મૈત્રીપૂર્ણ છે. ગુનાખોરી આજે વિશ્વમાં દરેક જગ્યાએ છે અને ભારતમાં પણ ગુનાખોરીનો દર ઘણો ઊંચો છે. તેથી નાઈજીરીયામા તે અન્ય સામાન્ય દેશોની જેમ છે. લાંબા સમય સુધી ભારતની બહાર રહ્યા પછી, મને લાગ્યું કે હવે મારે મારા પરિવાર અને મિત્રોની નજીક ભારતમાં રહેવું જોઈએ. અને ભારતમાં હવે ઘણી નવી તકો છે અને મારી પાસેના સારા ભંડોળ સાથે હું કેટલાક વ્યવસાયો શરૂ કરી શકું છું.

પ્ર.સ.: હાલમાં ભારતમાં તમારી વ્યવસાયિક પ્રવૃત્તિઓ શું છે?

તરૂણભાઈ : હું રિયલ એસ્ટેટ બિઝનેસ, કન્સ્ટ્રક્શન બિઝનેસ, એગ્રીકલ્ચર લેન્ડ બિઝનેસ અને ફાર્મિંગમાં પ્રવૃત છું. હું હોટેલ બિઝનેસમાં પણ છું. અમે હમણાં જ ગોવામાં ૬૦ યુનિટ સાથે સર્વિસ એપાર્ટમેન્ટ સિટાડીન્સ શરૂ કર્યું છે. તે Ascot જૂથ સાથે જોડાયેલું છે. હું શિક્ષણ ક્ષેત્રે પણ પ્રવૃત્ત છું પરંતુ તે હું નફા માટે નથી કરતો. હું ઈચ્છું છું કે યુવાનો ભણે અને પોતાનો તથા દેશનો વિકાસ કરે.

પ્ર.સ.: મને તમારી શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે વધુ જણાવો.

તરૂણભાઈ : હું નવ સંવત શિક્ષા નિકેતન એજ્યુકેશન સોસાયટીનો અધ્યક્ષ છું જે કાયદા, વાણિજ્ય, કલા અને વ્યવસાય સંચાલન અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે. લો કોલેજમાં આજે ૧૮૦૦ વિદ્યાર્થીઓ છે અને દર વર્ષે અમારી કોલેજ ઘણા સરકારી વકીલો આપે છે. અમે વિક્રમ યુનિવર્સિટી સાથે જોડાયેલા છીએ. એમપીમાં કોઈ શૈક્ષણિક સંસ્થા સ્ટાફને બોનસ નથી આપી રહી પરંતુ અમે કોવિડ વર્ષ સહિત દર વર્ષે બોનસ આપીએ છીએ. હું માનું છું કે દરેકને તેની સેવાઓ માટે યોગ્ય ચૂકવણી કરવી જોઈએ. હું વૈશ્ય મહા સંમેલન એમપી યુનિટનો ઉપપ્રમુખ છું.

પ્ર.સ.: મેં સમાજ માટે તમારા ઉદાર દાન વિશે ઘણા સમાચાર વાંચ્યા છે. કૃપા કરીને વાચકોની માહિતી માટે તે અંગે જણાવો.

તરૂણભાઈ : મારી માતા હંમેશા ધાર્મિક પ્રસંગો અને સમારંભો માટે દાન આપવા માંગતી હતી અને મેં એવા ઘણા કાર્યો માટે દાન આપ્યું છે. સાંયરામાં અતિથિગૃહ અને ભોજનશાળા તેનું એક ઉદાહરણ છે. હું છેલ્લા ૨૨ વર્ષથી મફત શિક્ષણ, મફત તબીબી સહાય, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદ અને અનેક જ્ઞાતિઓના પરિવારોને ઘરના ખર્ચ માટે નિશ્ચિત માસિક સહાય અને સાહસિકોને સ્ટાર્ટ અપ માટે નાણાકીય સહાય આપવાના ક્ષેત્રમાં સક્રિયપણે સંકળાયેલો છું. મેં રક્તદાન શિબિરો, મફત તબીબી તપાસ, મફત નોટબુક વિતરણ વગેરેમાં પણ સહયોગ આપ્યો છે.

પ્ર.સ.: મને લાગે છે કે તમે તમારા માતા-પિતાના સપના પૂરા કરવા માટે ઘણું કર્યું છે.

તરૂણભાઈ : દરેક પુત્રની ફરજ છે કે તે તેના માતા-પિતાની ઈચ્છાઓ અને સપનાઓને સાકાર કરવાનો પ્રયાસ કરે. ભારતીય સંસ્કૃતિમાં આ નવું નથી. મારા પિતાએ વડોદરામાં બંગલો રાખવાનું સપનું જોયું હતું. જો કે તે ઘણા સમય પહેલા જ દુનિયા છોડી ગયા. મેં વડોદરામાં ૮૦૦૦ ચોરસ ફૂટનો વિલા બનાવ્યો છે. મારી માતાએ સાંયરામાં સારા ઘરનું સપનું જોયું હતું અને મેં સાયરામાં એક સુંદર બંગલો બનાવ્યો છે. હું મારા બધા ભાઈઓ અને બહેનોની યોગ્ય રીતે કાળજી લઈ રહ્યો છું અને તેમના જીવનને આરામદાયક બનાવવાનો પ્રયત્ન કરું છું.

પ્ર.સ.: તમે જેની સાથે તમે સંકળાયેલા છો એવી વિવિધ સંસ્થાઓ વિશે માહિતી આપો.

તરૂણભાઈ : હું ૨૦૧૬થી સાંયરા ચેરિટેબલ ટ્રસ્ટ અને સાંયરા કેડીઓ મહાજનના ટ્રસ્ટી, ૨૦૧૬થી શ્રી ઉજ્જૈન ગુજરાતી મિત્ર મંડળના પ્રમુખ, ૨૦૧૭ થી શ્રી ઉજ્જૈન કેડીઓ જ્ઞાતિ સંચાલક મંડળના પ્રમુખ તથા માલવા પ્રાંતની વિદ્યા ભારતીના ઉપપ્રમુખ તરીકે કાર્યરત છું. તે ઉપરાંત હું લાંબા સમયથી આર.એસ.એસ.-રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે સંકળાયેલો છું અને બી.જે.પી. સાથે પણ લાંબા સમયથી જોડાયેલો છું.

પ્ર.સ.: વ્યાપાર, શિક્ષણ અને સામાજિક સેવા ક્ષેત્રે તમારી પ્રગતિ જોઈને મને ખૂબ આનંદ થાય છે. સાથે સાથે તમે વર્તમાન સમયમાં તમારા ભાઈ-બહેનોની સંભાળ પણ લઈ રહ્યા છો એ પણ આનંદની વાત છે.

તરૂણભાઈ, આપે ફાળવેલા સમય માટે આભાર. આપણા કેડીઓ ભાઈઓ અને બહેનો માટે કોઈ સંદેશ?

તરૂણભાઈ : મહેરબાની કરીને પહેલા તમારા પરિવારની સંભાળ રાખો. તેમની જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયાસ કરો અને તેમના જીવનને ખુશ કરો. કેડીઓ વિદ્યાર્થીઓને મારી ઉજ્જૈન ખાતેની કોલેજમાં કાયદાનું શિક્ષણ મેળવવા માટે આગળ આવવા વિનંતી છે. જો તેઓ અન્ય સ્થળોએથી આવતા હોય તો હું પ્રથમ પાંચ વિદ્યાર્થીઓની ફી, રહેવા અને જમવા માટેની સુવિધા આપીશ. ઈચ્છુક વિદ્યાર્થીઓએ મારો સંપર્ક સાધવા વિનંતી.

E-mail : trngem@hotmail.com

- CA હીરાચંદ દંડ

પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રી તથા ટ્રસ્ટીશ્રીની કોઈમ્બતુરની આગામી મુલાકાત

પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી હીરાચંદ દામજી દંડ તથા ટ્રસ્ટીશ્રી ઍડ. શૈલેષ સનત શાહ શનિવાર તા. ૧૪.૦૯.૨૦૨૪ના કોઈમ્બતુરની મુલાકાત લેશે તથા ત્યાં વસતા કદઓ જ્ઞાતિજનો સાથે પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી સંદર્ભે વિચારવિમર્શ કરશે.

મનોવ્યથા

આજકાલ નનામી લેખો વોટસએપ અને સોશ્યલ મિડિયા મારફતે ફરે છે ''જાગો જૈન દાનવીરો જાગો!'' ઘણાં લોકોએ આ લેખ વાંચ્યા છે અને તેને ફોરવર્ડ કરી તેમની મનોવ્યથા લોકો સમક્ષ રાખવાની રજૂઆત કરી છે.

આ પત્ર એકંદરે જૈન સમાજના દાનવીરોની દાન દેવાની ભાવનાને તોડવાના કાવતરારૂપે બદઈરાદા ભર્યો પ્રયાસ હોઇ શકે. આજે હું મારી મનોવ્યથા પણ આ પત્ર સંદર્ભે રજૂ કરુ છું. લેખની મર્યાદા છે એટલે ઘણાંને સમજાય અને ઘણાંને ઉપરથી જાય.

શું જૈન દાનવીરો માત્ર જિનાલય સંદર્ભે જ દાન આપ્યું છે તેવું કોણે કહ્યું? જરૂરી નથી કે જૈન દાનવીરો માત્ર જિનાલય અને જિનપ્રતિમા પુરતું જ દાન આપે છે! તેઓ આ સંદર્ભે દાન આપે છે અને સાધર્મિકોને પણ સહાય આપે છે. આ લોકો એ જ વ્યક્તિઓ છે જે જિનાલય પણ બનાવે છે અને સાધર્મિકોને વિવિધ સહાય આપવામાં પણ અગ્રેસર હોય છે. ધર્મ હશે તો જ દાનની ગંગા વહેશે. જે દિવસે ધર્મ નહીં હોય તે દિવસે માનવતા સમાપ્ત થઇ જશે. તેના માટે ૧૮ હજાર વર્ષ પછી છઠ્ઠો આરો આવી રહ્યો છે. જે કુદરતી કાળક્રમ પૂર્વ નિર્ધારિત છે. આવી પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે.

ધર્મ કેવી રીતે જળવાશે? ધર્મની ધુરા કોણ સાચવશે? ધર્મને કોણ જાગૃત રાખશે? ધર્મ પહેલાં પણ હતું અને પછી પણ ટકી રહે તે માટે કોણ આગળ આવશે? આજે ધર્મને ટકાવવું કેટલું કઠીન છે? મારો પ્રત્યુત્તર છેઃ એકમાત્ર જૈન દર્શનને અક્ષરશ ટકાવી રાખવામાં જૈન ગુરુભગવંતો આગળ છે. ગુરુભગવંતોને તાકાત આ દિવ્ય જિનપ્રતિમાથી મળે છે. જિનપ્રતિમા અને જિનાલય ઉદારદિલ દાનવીરોને કારણે જ પ્રાપ્ત થાય છે. જ્યારે આ જિનાલયના શિખરે ફરકતી ધ્વજા જૈનો અથવા જૈનેત્તરોના નજરે પડે છે ત્યારે તેના તમામ દુઃખો શાંત થયા છે. તેને સકારાત્મક ભાવના પ્રગટ થાય છે.

એવું કોણે કહ્યું કે ગુરુભગવંતો માત્ર જિનાલય અને જિનપ્રતિમા નિર્માણ કરાવે છે? જૈન દર્શન અને જૈન ગુરુભગવંતો પોતાના દરેક વ્યાખ્યાનમાં ભારપૂર્વક જણાવે છે કે – જૈન દર્શનમાં કુલ ૭ ક્ષેત્રમાં દાન આપવાનું હોય છે અને તેને વિસ્તારમાં સમજાવે છે. તેમનો આગ્રહ પણ હોય છે. પરંતુ, જેને મદદ જોઇએ છે તેનું પુણ્યબળ તો મજબુત હોવું જોઇએ કે તેને કોઇ મદદ કરી શકે? કેમ કે તેને તેમના પરિવારના જ લોકો મદદ નથી કરી શકતાં? સગો ભાઇ ધનવાન હોય અને તેના નબળો ભાઇ સંઘર્ષ કરતો હોય છે, તો મદદે કેમ આગળ નથી આવતો? એક મિત્ર ધનવાન હોય અને બીજો મિત્ર આર્થિક નબળો હોય તો ત્યાં ધનવાન મિત્ર કેમ મદદ નથી કરતો?

દાનની મહિમા સમજવી પડશે. જિનાલય અને જિનપ્રતિમા માટે દાન આપનારનો જ વિરોધ કરશો તો તમારી ભાવનાને કદાચ સ્વીકારી લેશે પરંતુ તે વ્યક્તિ જૈન દર્શનમાં ૭ ક્ષેત્રમાં સાધર્મિક સહાય આપવાનું પણ બંધ કરી દેશે. કારણ જે જિનાલયથી વંચિત રહેશે તેનું ધન પણ ગયું અને ધર્મ પણ ગયું. જિનાલય જૈનોને એકત્ર કરવાનું માધ્યમ છે. હિંદુ મંદિરો હિંદુઓને એકત્ર કરવાનું માધ્યમ છે. મસ્જિદ મુસલમાનોએ એક છત્ર હેઠળ લાવવાનું માધ્યમ છે. જ્યાં આ લોકો વસે છે ત્યાં તેઓ ભગવાનથી અલગ નથી થતાં. હું ઉપરોકત ફોરવર્ડ મેસેજને જૈનોને બરબાદ કરવાનું ષડયંત્ર માનું છું. અંતે એટલું જ કહીશ કે જેઓ જિનાલય અને જિનપ્રતિમા નિર્માણ માટે દાન આપે છે તેઓ જ સાધર્મિકોને સહાય આપવામાં સદાય અગ્રેસર હોય છે. કેમ કે – તેઓ જ ગુરુની વાતોનો સર્વથા સ્વીકાર કરે છે.

– જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા, વારાપધર–ડોંબિવલી

શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

Sonal ART

સોનલ આર્ટ–(થાણા) Mob.: 99678 41792

'શિવમ', ડી–૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા–૪૦૦ ૬૦૪.

''જૈન ઢોલી'' ''રાજુ ઢોલી'' ''કચ્છી ઢોલી''

રૂડા પર્વાધિરાજ પર્યુષણ પર્વના સર્વે ભાઇ બહેનોને રાજુ ઢોલીનાં મિચ્છામી દુક્કડમ્

રાજુ ઢોલી મો.: 9833004496/7977079351

તમારે ત્યાં શુભ પ્રસંગે ઢોલ–શરણાઈ માટે ક.દ.ઓ. જૈન સમાજના જુના અને જાણીતા રાજુ ઢોલીને જરૂરથી યાદ કરજો. ધન્યવાદ

પ્રસંગ તમારા – ઢોલ શરણાઈ અમારા

શા. રાજેન્દ્ર પીતાંબર ડાઘા (વરાડીયા–ભાંડુપ)

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)

જય શ્રી ગણેશાય નમઃ   જય શ્રી અજિતનાથાય નમઃ   જય શ્રી અંબેમાતાય નમઃ

શ્રી સોની ગૌત્રના કુળદેવી શ્રી અંબા માતાજીની સાતમી (૭) સમુહ પહેડી (વાંકુ- સાંયરા- જખૌ)

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે,

કચ્છ- વાંકુ ગામમાં બિરાજમાન કુળદેવી શ્રી અંબા માતાજીની સમુહ પહેડી વિક્રમ સંવત-૨૦૮૦- આસો સુદ ચોથ (૪), **રવિવાર તા. ૦૬/૧૦/૨૦૨૪,** ચોથા નોરતાંના શુભ દિવસે ડોંબિવલી મુકામે રાખવામાં આવેલ છે.

આ પાવન પ્રસંગે શ્રી અંબા માતાજીનો પહેડી પ્રસાદ લેવા તથા ભક્તિ કરવા મુંબઈ તેમજ બહારગામમાં વસતાં સોની પરિવારના ભાવિકો તેમજ નિયાણી-દીકરીઓને સહકુટુંબ પધારવા શ્રી અંબા મા સોની પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યુ આમંત્રણ છે.

સંપૂર્ણ પહેડીનો અમુલ્ય લાભ લેનાર
લાભાર્થી પરિવાર

માતુશ્રી મણીબેન ગુલાબચંદ પટેલ (સોની) પરિવાર-વાંકુ (ડોંબિવલી)

તરફથી રાખવામાં આવેલ છે.

-:શુભ સ્થળ:-

હોરાઈજન હોલ, ૧લે માળે, ડી માર્ટની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ).

-:શુભ સમય:-

સવારનાં ૯.૩૦ કલાકે

-:સંપર્ક:-

મેહુલ સોની : ૯૮૧૯૧૧૮૩૨૯, ૯૭૬૯૫૨૮૩૨૯
કેતન સોની : ૯૯૨૦૦૫૬૭૯૯
લહેરચંદ સોની : ૯૫૯૪૬૭૧૪૨૦, ૯૦૮૨૦૧૩૧૫૯
વિજય સોની : ૯૫૯૪૬૯૨૬૯૨
ધિરેન સોની : ૮૮૭૯૧૫૫૦૫૧

-: ખાસ વિનંતી :-

બહારગામથી પધારનાર ભાવિકોને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

"જય માતાજી"

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન રાયપુર, છત્તીસગઢનો આભાર

સૌ. હેમલતા પરેશ શિયાલ-જખૌ હાલ નાશિક, પારોલા, ઉંમર વર્ષ ૫૬, હૃદય રોગના કારણે રાયપુરમાં અકસ્માત અવસાન થયું.

અમારા પરિવાર માટે આવા કઠીન પ્રસંગમાં અપરિચિત એવા સ્થળે ઘણું બધું મુંઝવણભર્યુ હતું પણ ક.દ.ઓ. રાયપુર સમાજના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઇ છેડા અને અમારા વેવાઈ શ્રી પ્રવીણભાઈ લોડાયા તેમજ સમાજના સદગૃહસ્થો આવા કઠીન પ્રસંગે ખડેપગે ઉભા રહી. અમોને સાથ સહકાર અને સાંત્વના આપી. અમારો પરિવાર નાશિકથી રાયપુર સુધી પહોંચવા ૧૪ કલાક જેવો ટાઈમ લાગી ગયો ત્યાર સુધી હોસ્પિટલની કાર્યવાહી પતાવી તેમજ અંત્યવિધીની યાત્રા સાથે સ્મશાન ભૂમિ સુધી પહોંચી ગયા. અમો સિધા સ્મશાન ભૂમિ ગયા અને અંત્યવિધિ કરી.

કઠીન સમયમાં ખુબ મદદરૂપ અને સહાયક થયા તે બદલ અમો રાયપુર સંઘના ઋણી છીએ. સમસ્ત ક.દ.ઓ. રાયપુર સમાજે એક ઉત્તમ ઉદાહરણ સાબિત કર્યું છે.

- શ્રી મહેન્દ્ર ડોસાભાઈ મોમાયા
Mob. 94227 93063
ક.દ.ઓ.જૈન સમાજ-નાશિકના પ્રમુખ

પાસ થયા અભિનંદન

ઈરા જયની-મેહુલ મેપાણી
પ્રજાઉ (ચેમ્બુર)
B.Sc. (Hons.) Pyschology/ History/Interwoven Arts

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

● પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી ● સાચી જરીની સાડીઓ બોર્ડર ● જુના સાચા ઘરચોળા ● કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

શ્રી મહાવીર એમ્બ્રોયડરી
રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

આરોગ્ય પ્રકાશ

નિરોગી રહેવાના નિયમો - ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

(૭) જમણ : જમવાના પોણો કલાક પહેલા નવસેકું પાણી પીઓ, જે ભૂખ પાચન માટે ઉપયોગી છે. જમવાના અર્ધો કલાક પહેલા ફળ ખાવ એ જલ્દી પચે અને ગેસ ન કરે. જેને ભૂખ ન લાગતી હોય તેમણે દસેક મિનીટ પહેલા આદુની કતરણ (આદુના બારીક ટુકડા સહેજ સિંધવ નમક થોડું લીંબુ ઉમેરી કાચની બોટલમાં ભરી ફ્રીજમાં રાખી શકાય) નાની ૧ ચમચી ખાવી. (નોંધ : આદુ, મેથી, ગોખરુ, જેષ્ટીમધ, રાજગરો અને શિવામ્બુ (પોતાનો પેશાબ)માં કુદરતી સ્ટેરોઈડ છે. સ્ટેરરોઈડ એ દુખાવા અને અમુક બિમારી મટાડવાની ચમત્કારીક દવા છે. કૃત્રિમ સ્ટેરોઈડ દવા, ઈંજેક્શન રૂપે મળે છે. જે દુખાવા તરત મટાડે છે પણ આ કૃત્રિમ સ્ટેરોઈડની સાઈડ ઈફેક્ટ ખૂબ જ ગંભીર અને ખતરનાક છે. તેથી જ જેમાંથી કુદરતી સ્ટેરોઈડ મળી રહે છે તેનો ઉપયોગ ખૂબ લાભકારી છે.) જમવાની શરૂઆત સલાડથી કરવી. (કાચા શાકભાજી લ્યો મીઠું ઉમેરવું નહિં) જે શરીરને આલ્કલાઈન બનાવી રોગો સામે લડવાની શક્તિ આપે. જમવામાં ઘઉં, ચોખાનો ઉપયોગ ઘટાડો, શક્ય હોય તો બંધ કરી તેને બદલે બાજરી, જુવાર, કોદરી, નાચણીનો ઉપયોગ કરો (પોષક તત્ત્વોથી ભરપૂર મિલેટ ભાગ ૧ અને ૨ પ્રકાશ સમીક્ષા ઓનલાઈન તા. ૫.૪.૨૪ અને ૨૦.૪.૨૪ વાંચો) ભોજનની અડધી થાળી શાકભાજી (શરૂઆતમાં ખાવાના સલાડ ઉમેરીને) બાકી અડધી થાળી અનાજ, દહીં. છાશ અને અન્ય સર્વ હોવું જરૂરી છે, અથાણા-પાપડમાં તેલ અને નમકનો વધુ ઉપયોગ હોય તે શક્ય તેટલાં ઓછા ખાવા. હોજરીના ચાર ભાગ સમજી ૧/૨ ભાગ ઘન ખોરાકથી, ૧/૪ ભાગ પ્રવાહી (છાશ-સુપ)થી અને ૧/૪ ભાગ હવાથી-એટલે કે ૧/૪ ભાગ ખાલી રાખવું. ઉણોદરી આરોગ્ય વધારે અને શરીરને યુવાન રાખે. અતિ તપ વર્જ્ય છે કારણ અમુક ઉમર પછી શરીરની શક્તિઓ નસો માંસપેશી ક્ષીણ થઈ જાય છે. પુનઃ તે શક્તિઓ મેળવવી થોડી કઠીન બને છે. તેથી અઠવાડિયે ૧ દિવસ ફળ-દહીં-છાશ પર રહેવું, મહિને ૧ દિવસ ઉપવાસ કરી પાચનતંત્રને આરામ આપવો. એકાસણા કરતાં આરોગ્ય માટે આયંબીલ તપ ઉત્તમ છે. (ભોજનના સામાન્ય નિયમો પ્રકાશ સમીક્ષા ઓનલાઈન ૨૭.૧૨.૨૦૧૫ અને ૧૦.૧.૨૦૧૬, તેમજ ભોજન વિશે વધુ માહિતી ભાગ ૧-૨-૩ ૨૪ જાન્યુ. ૨૦૧૫, ૨૧ ફેબ્રુ-૨૦૧૫ અને ૨૧ માર્ચ ૨૦૧૫).

૮) બપોરની ચા/કોફી : શક્ય હોય તો ચા-કોફી ટાળવા તેને બદલે દૂધ સાકર વગરની કાળી ચા કે ગ્રીન ટી પીઓ. હળદર, મરી, લવીંગ, હીંગ, જેષ્ઠીમધ પાવડર, આદુ કે સૂંઠ, તુલસી, ફૂદીનો નાખી ઉકાળો, સહેજ ઉકાળ્યા બાદ નીચે ઉતારી તેમાં લીંબુ નીચોવી પીઓ. આ ઉકાળો શરીરના નાના મોટા વિકારોથી બચાવશે અને તાજગી આપશે. સાથે નાસ્તો લેવાનું ન રાખો. ત્રણેક વાગ્યા સુધી ચા પીવાય તો સારું જેથી ૫.૩૦ વાગે ફરી ચોવિહાર કરી શકાય.

૯) સાંજનું જમણ-ચોવિહાર : શક્ય હોય તો રોજ સૂર્યાસ્ત પહેલા જમો, જો શક્ય ન હોય તો જેટલું બને તેટલું જલ્દી, વધુમાં વધુ આઠ વાગ્યા સુધી જમી લેવું. સાંજનું ભોજન પચવામાં હલ્કુ હોય તેવું જરૂરી છે. ચોવિહાર કરાશે તો સવારના ૮ સુધી ૧૪ કલાકના ઉપવાસનો ગાળો થશે. આ ૧૪ કલાકના Intermittant fastingથી શરીરમાં T cell વધશે જે બિમારીઓ સામે, કેન્સર સામે લડશે. ખીચડીનું જમણ સર્વોત્તમ છે. મગની દાળમાં પ્રોટીન, ચોખામાં કાર્બોદિત અને ઘીમાં ચરબી મળી રહેશે. જમીને આઈસ્ક્રીમ ન ખાવ તેથી કેલરી વધે. કોલેસ્ટ્રોલ વધે, તેની ઠંડક પાચનક્રિયા માટે અવરોધરૂપ તે ઉપરાંત બહારના તૈયાર આઈસ્ક્રીમમાં વપરાયેલ કેમિકલ્સ, એસન્સ કેન્સરકારક બને છે. ઓફિસે જનાર બપોરે વ્યવસ્થિત જમી ન શકે તેથી સાંજે સંપૂર્ણ જમણ ભરપેટ ખાય તેથી ઉણોદરીનો છેદ જ ઉડી જાય.

દરેક વખતે દિવસ દરમ્યાન ખાધા પછી મુખશુદ્ધિ પર ધ્યાન આપો. દાંત વચ્ચે ભરાયેલ અન્ન સાફ કરો તેમજ ખાધા પછી થોડુ હળવું ચાલવું જરૂર-જેને શતપાઉલી એટલે કે સો ડગલા હળવે હળવે ચાલવાનું કહેવાય છે.

જમ્યા પછી ઓછામાં ઓછું ૩ કલાક પછી જ સુવુ. તે સમય દરમ્યાન ટીવી જોવું. કુટુંબ સાથે બેસી વાતો કરવી, હળવું સંગીત સાંભળવુ. આ ક્રિયા દરમ્યાન પગના તળિયે પોતાના જ હાથે તેલની માલિશ કરો અને સારી રીતે પગના દરેક પોઈન્ટ દબાવો.

(૧૦) ઉંઘ : રાત્રે ૧૦ વાગ્યા પહેલા સૂઈ જવું તે અગાઉ મનને શાંત કરવા હળવું સંગીત સાંભળો, ટી.વી., લેપટોપ કે

મોબાઈલ ન વાપરો. મોબાઈલને બંધ કરી પોતાનાથી દૂર મૂકો. રાત્રે ૧૦ વાગ્યાથી શરીરમાં મેલોટોનીનમ ઉત્પન્ન થાય જે ફ્રી રેડીકલ-શરીરનો કચરો દૂર કરે છે. ઉંઘવાના રૂમમાં શક્ય તેટલું અંધારું રાખો, રાત્રે બાથરૂમ જવા-ઉઠવા ટોર્ચનો ઉપયોગ કરો તે માટે નાઈટ લેમ્પ જેવી લાઈટ ન રાખો કારણ અંધારમાં મેલોટોનીન વધુ ઝરે છે અને ગાઢ ઉંઘ આવે છે. રાત્રે ૧૧ થી ૨ વાગ્યા દરમ્યાન લીવર પોતાનું સમારકામ કરી લઈ બીજા દિવસના કામ માટે તૈયાર થાય છે. લીવર એ આપણા શરીરનું મુખ્ય અંગ છે. તેનું કામ વ્યવસ્થિત રહે તે માટે સમયસર સુવું અતિ જરૂરી છે. સુતી વખતે નાભીમાં ૨ ટીપા તેલ નાખી, નાભીની આસપાસ ક્લોકવાઈસ ચક્રાકાર આંગળી ફેરવો. સવાસન કરી, પ્રભુનો પાડ માની, પ્રભુ સ્મરણ કરી સુવૂં. ડાબા પડખે ઉત્તમ કાં જમણા પડખે અને કમરની તકલીફ વાળા એ પગ ગોઠણમાંથી વાળી સુવું તેથી કમરના દુખાવામાં રાહત મળે. ઉંધા તો ક્યારેય ન સુવું.

આજકાલ દાંતની તકલીફ વધી છે. તે માટે અઠવાડીયે એકવાર ઓઈલ પુલીંગ- એટલે કે કોઈપણ તેલ મોંમા કોગળો ભરી સાથે સિંધવ નમક ચપટી લ્યો, ૧૦ મિનીટ સુધી મોં માં ફેરવો. (તેલ શુદ્ધ ધાણીનું હોય તો સારું) ૧૦ મિનીટ મોંમા ઘુમાવ્યા પછી તે તેલ ફેંકી દેવું, તેનાથી દાંતમાં સડો હશે તો મટી જશે, પેઢાની બિમારી મટશે, દાંત હલતા હશે તો પણ પેઢા મજબૂત થતા તે દાંત બરાબર ફીટ થઈ જશે, સડો ક્યારેય લાગશે નહીં.

આ સર્વ રોજની માવજત થઈ છતાં ક્યારેક બહાર ખાવું પડે કે લગ્નપ્રસંગે જમણવાર દરમ્યાન આ કાળજી રાખો. જમવામાં સલાડ ખાવુ સારું કહીએ છીએ પણ જમણવારમાં ખુબ અગાઉથી કપાયેલ આ સલાડ ખાવું હિતાવહ નહીં. ગેસ કરે, ઘણા પહેલા કાપી રાખેલા કાંદા કદી ખાવા નહીં, કારણ કપાયેલ કાંદા વાતાવરણમાંના વાયરસ ને બેક્ટેરીયાને શોષી લે છે. જે ખાઈએ તો નુકશાન. ડાયાબીટીસવાળાએ મિઠાઈને ઝેર સમજી તે ન ખાવી, આઈસ્ક્રીમ ન ખાવી, શક્ય તેટલું વિરૂદ્ધ આહાર ન થાય તેનું ધ્યાન રાખો. દૂધની બનાવટની વસ્તુ ખાવી હોય તો ખટાશ ત્યાગવી તેમજ દહીંની વાનગી તેમજ છાસનો ત્યાગ કરો.

નમ્ર નિવેદન : જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો. **- તંત્રી મંડળ**

શૈલેન્દ્રનું અનાડી ફિલમનું ફેમસ ગીત કીસી કી મુસ્કુરાહટો પે હો નિસાર.... સાજન બિન સુહાગનનું અમિત ખન્નાએ લખેલ ગીત, મધુબન ખુશ્બુ દેતા હૈ, સાગર સાવન દેતા હૈ. જીના તો ઉસકા જીના હૈ જો ઓરોં કો જીવન દેતા હૈ... તેમજ બાદલ ફિલ્મનું જાવેદ અખ્તરનું ગીત,

અપને લીયે જીએ તો ક્યા જીએ, તું જી એ દિલ જમાને કે લિયે,

ગીરતે હુએ કો ઉઠાને કે લિયે, તુ જી એ દિલ જમાને કે લિયે.... આ સર્વ ગીતોના ભાવને અનુસરી સ્વાર્થી ન થતાં, ઘરનાં અને બીજાઓને ઉપયોગી થઈ માનવસમાજનું ઋણ ફેડી, અંદરથી શુદ્ધ થઈ વૃદ્ધિ પામી, સંતોષ સાથે નિરોગી રહી જીવન સાર્થક કરીએ.

ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

તા. : ૧૫.૦૯.૨૦૨૪ : ક દ ઓ જૈન સહીત ડોંબિવલીના સમસ્ત જૈન સમાજની જૈન શાસનની શોભા યાત્રા સહ સાધર્મિક ભક્તિ.

તા. : ૧૫.૦૯.૨૦૨૪ : શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલીની વાર્ષીક જનરલ મીટીંગ મંડળના કાર્યાલયમાં બપોરના ૦૩.૧૫ કલાકે. તેમજ ચૈત્ય પરિપાટીમાં જતા યાત્રિકોની મીટીંગ સાંજના ૦૪.૩૦ કલાકે.

તા. : ૨૦ થી ૨૩.૦૯.૨૦૨૪ : કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા રાજસ્થાન ચૈત્ય પરિપાટી.

તા. : ૨૮.૦૯.૨૦૨૪ : કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભાવના, હોરાઈઝન હોલ, ડોંબિવલી.

તા. : ૨૯.૦૯.૨૦૨૪ : સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન હોરાઈઝન હોલ ડોંબિવલી.

તા. ૭ થી ૯.૧૧.૨૦૨૪ : વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન.

૦૧.૧૨.૨૦૨૪ : પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી, શ્રી ષણ્મુખાનંદ હોલ, કિંગ સર્કલ.

પ્રેરક વ્યક્તિત્વ સાનિયા ખીમજી

કુ. સાનિયા મુદિતા-સચીન ભરત બી. ખીમજી ખોના-તેરા (બેંગલુરૂ). આ તેજસ્વી કેડીઓ કન્યાનો જન્મ ડાઉન સિન્ડ્રોમ સાથે થયો. ડાઉન્સ સિન્ડ્રોમ એક જેનેટીક-ગુણસુત્ર સંબંધી તકલીફ છે. જે બાળકને જન્મથી જ શારીરિક, માનસિક વિકાસની ગતિ અવરોધે છે.

માતાપિતાની હુંફાળી સારસંભાળ, મેડીકલ સપોર્ટ, ઉપયોગી તો હોય છે પણ ઈલાજ નથી. તે તકલીફવાળા બાળકની પોતાની દૃઢ ઈચ્છાશક્તિ પસંદગીના વિષયમાં આગળ વધવામાં આવતા અવરોધ આંબવામાં મદદ કરે છે.

કુ. સાનિયા કળાના ક્ષેત્રમાં લગન અને દૃઢ વિશ્વાસથી આગળ વધીને ભારત અને યુકેની આર્ટ ગેલેરીઝમાં પોતાની કલાકૃતિઓની પ્રદર્શની યોજી છે.

એ ઉપરાંત ફેશન ડિઝાઈનીંગ અને મેઈક અપના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. 'માર્કર્સ એન્ડ સ્પેન્શર' જેવી વૈશ્વિક ડિઝાઈનના ફેશન શોમાં 'રેમ્પ વૉક' પણ કર્યું છે.

રોટલી ક્લબે યુથ આઈકોન એવોર્ડથી નવાજી છે. સાનિયાની તસવીરે 'SA' (રીઈમેજીન બ્યુટી) કોફી ટેબલ બુકમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

પેજન્ટ મુંબઈમાં એવોર્ડ વિજેતા સાનિયાને શ્રીમતી મોરીશિયસ યુનિવર્સ વિજેતા યાશીના નાઓજીએ મોરીશિયસ પેજેન્ટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. એમાં સાનિયાને પેજેન્ટ વર્લ્ડ આઈલેન્ડ કલ્ચરલ એન્ડ ટૂરીઝમ એમ્બેસેડરમાં નારી ફર્સ્ટ અને વુમન ઓફ વન્ડર્સ મોરીશિયસ દ્વારા ત્રણ ટાઈટલ એનાયત થયા છે.

'ઈન્સ્પાયરેશન ડિવા ફોર ટેલેન્ટ' આપણા પરંપરાગત ગુજરાતી રબારી પરિધાન પ્રદર્શિત કરવા માટે ટોપ મોડેલ તથા મોરીશિયસના બ્રાઈડલ હાઉસ 'અયાન' માટે મોડેલીંગ, યોદ્ધા નારી જેવા એવોર્ડ-ટાઈટલ હાંસલ કર્યા છે.

સાનિયા અન્ય ન્યૂરોટીપીકલ મહિલાઓ સાથે પેજેન્ટ્સમાં ભાગ લેનારી ડાઉ સિન્ડ્રોમ તકલીફ ધરાવતી ભારતની સર્વ પ્રથમ મહિલા છે.

સાનિયાના પ્રયાસ ન્યુરોડાઈવર્સ લોકોને પ્રકાશમાં લાવવા, બધાનું એમના તરફ ધ્યાન ખેંચવાની દિશામાં છે.

આપણે એ તરફ ધ્યાન આપવાની જરૂર છે. પુનશ્ચઃ કેડીઓ કોઈપણ સ્થિતિમાં હોય આગળ આવીને જ રહે છે.

- તિલકચંદ લોડાયા

શિક્ષક દિન

એક શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચવાની મજલ કાપનાર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ-પાંચમી સપ્ટેમ્બરનો દિવસ 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

શિક્ષકની વાત નીકળે ત્યારે 'ચાણક્ય'નું આ જાણીતું વિધાન ટાંકવાનું મન થાય : 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, નિર્માણ ઔર પ્રલય ઉસ કી ગોદ મેં પલતે હૈ !' ચાણક્યનું બીજું પણ એક વિધાન છે, જે કદાચ વધુ પ્રચલિત થયું નથી પરંતુ એટલું જ સચોટ છે. 'કોઈપણ રાષ્ટ્રના શિક્ષણની ગુણવત્તા જે તે રાષ્ટ્રના શિક્ષકની સરેરાશ ગુણવત્તા કરતાં વધુ ન હોઈ શકે અને કોઈપણ રાષ્ટ્રનું ચારિત્ર્ય જે તે રાષ્ટ્રના રાજકીય નેતાના સરેરાશ ચારિત્ર્યથી વધુ ન હોઈ શકે.'

ફેક્ટરીમાં જડ વસ્તુ સાથે કામ કરતા માણસ અને જીવંત ચેતના સમાન વિદ્યાર્થીઓની સાથે કામ કરતા શિક્ષક બંનેના રોલ વચ્ચે જબરો તફાવત છે. ફેક્ટરીમાં કામ કરતા માણસના વર્તન, વ્યવહાર અને વિચાર સાથે ફેક્ટરીને કશી લેવા દેવા નથી હોતી, કારણ કે તેને જડ વસ્તુ સાથે કામ કરવાનું હોય છે. બીજી તરફ, શાળામાં વિદ્યાર્થીઓ સાથે કામ કરતા શિક્ષકની પ્રત્યેક ક્ષણ ખૂબ જ અગત્યની હોય છે. ધ્યાનાકર્ષક હોય છે.શાળામાં શિક્ષકને જીવંત ચેતના સાથે કામ કરવાનું હોય છે. સમજો કે શિક્ષકો પાસે સમાજની ખૂબ મોટી અપેક્ષા હોય છે. આથી શિક્ષકોની ભૂમિકા માટે જેટલું કહેવામાં આવ્યું છે એટલું ભાગ્યે જ બીજી કોઈ ભૂમિકા માટે કહેવામાં આવ્યું હશે. શિક્ષકો માટે જેટલા આદર્શો ઘડવામાં આવ્યા છે એટલા ભાગ્યે જ બીજા કોઈ માટે ઘડવામાં આવ્યા હશે!

અનંતછાયાની મીઠી ઝલક

મને અનંતછાયામાં અઢી વરસ થયા. ત્યાંના સંસ્મરણો, આપણી જ્ઞાતિ સાથે વસવાટ કરીએ તો નવા વિચાર વિમર્શ બધાના જાણવા મળે. અમને અનંતછાયાના ઘણા સારા અનુભવો થાય છે. અમારા અહીં આવ્યા પછી એકલતા મટી ગઈ. સારા-નરસા પ્રસંગોની ઝાંખી થઈ.

અનંતછાયામાં જે કીટ્ટી ગ્રુપ છે તેમાં ૨૪ની સંખ્યા છે. ખૂબ સંપ, સહકારથી ચાલે છે. તેમાં ૧૨ થી ૧૪ બહેનો સિંગલ છે. ૬ જાતજાતના કારણથી નાની વયે તેમના પતિ ચાલ્યા ગયા છે. આમ કોઈ વડીલો સાથે, કોઈ છોકરા, વહુ, પૌત્ર સાથે રહે છે. પરંતુ તેમની ટીમ લીડર સંચાલન ખૂબજ સારી રીતે કરે છે. ૧ દિવસની હોય, મોન્સુન સીઝનની ૩ દિવસની હોય, વર્ષના ૨ થી ૩ વર્ષે ફોરેનની ટૂર પણ પાંચ થી છ દિવસ કરે. યુવા બહેનો, વૃદ્ધ બહેનો સાથે મળીને કરે છે. ૩૦ થી ૩૫ જેવી સંખ્યામાં બહેનો છે. મહાકાલીમાની ભાવના ભણાવે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સમૂહમાં રહેવાથી બધી ધાર્મિક આરાધનાઓ પણ સારી થાય છે. બાકી અહિંના પૂજા સ્નાત્ર મંડળો ઘણા જૂના છે. તેમાં ૭૫ થી ૮૦ વર્ષની બહેનો કાર્યરત છે. કચ્છમિત્ર જુલાઈ મહિનાના અંકમાં સારો લેખ છપાયો છે. અનંતછાયાની જૂના વખતની બહેનો, નવી ગૃહિણીઓનો બધો સુંદર ઉલ્લેખ આપ્યો છે.

હવે તો અનંતછાયા બિલ્ડીંગનું રજીસ્ટ્રેશન થઈ ગયું. તેની યુવાન કમિટી બની છે. સારો વહીવટ સુધારા-વધારા સાથે ચાલે છે.

અહીં રહેવા આવ્યા પછી પણ મને ખૂબ જ સરસ અનુભવ થયો તે ઉદાહરણ મળે તે માટે વર્ણવું છું. હું અમારા સ્નેહી કુટુંબીજનના લગ્નમાં વાપી 'અવધ' રીસોર્ટમાં ગઈ હતી. મને પગની તકલીફ હોવાથી, અને ત્યાં ખૂબજ ભૂલ ભૂલામણી જેવા, અલગ અલગ સ્થાને પ્રસંગો હતા.

